# વન સંરક્ષણની પરીક્ષાનું પેપર સરળ નિકળતા પરીક્ષાર્થીઓમાં આનંદ

## કેટલાક પરીક્ષા કેન્દ્રના નામ બદલાઈ જતા પરીક્ષાર્થીઓને હાલાકી : ક્યાંક સમય કરતા મોડા પહોંચતા પરીક્ષાર્થીઓ પરીક્ષાથી વંચિત રહ્યા

ગાંધીનગર, તા. ૯ રાજ્ય વન વિભાગ દ્વારા આજે વન સંરક્ષણની ભરતી માટે રાજ્યભરમાં લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષાનું પેપર એકંદરે સરળ નિકળતા પરીક્ષાર્થીઓના ચહેરા પર હાંશકારા સાથેની ખુશી જોવા મળી હતી. જો કે વન વિભાગની પરીક્ષા હતી. તેથી વનસ્પતિ જંગલ, પાણી પક્ષી અભ્યારણ સંબંધિત પ્રશ્નોની સંખ્યા યોગ્ય પ્રમાણમાં મુકવામાં આવી હતી. જ્યારે વર્તમાન પ્રવાહોના પ્રશ્નો પણ સામાન્ય નિકળતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

વન અને પર્યાવરણ વિભાગમાં મોટા પાયે વનસંરક્ષણની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્યભરમાં ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંબંધિત આ વન સંરક્ષણની આજે લેખિત ઓએમઆર પદ્ધતિવાળી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યભરમાંથી અંદાજે છ લાખથી વધુ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી હતી.

સવારે ૧૧ થી ૧ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી. લાંબા સમયથી પરીક્ષાની તૈયારીઓ કરતા યુવાનો પરીક્ષા અને પેપરને લઈ ભારે ચિંતિત હતા. ત્યારે આજે પેપર સાવ સરળ નિકળતા યુવાનો મુડમાં આવી ગયા હતા. આખા પેપર વન જંગલ અને વનસ્પતિ તેમજ વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું પ્રમાણ વધારે હતુ. ૧૦૦ પ્રશ્નો ધરાવતા ૨૦૦ ગુણના પ્રશ્નપત્ર અંગ્રેજી અને ગણિત સાવ સામાન્ય પુછવામાં આવ્યું હતું. વનસંરક્ષણનુ પેપર એકંદરે સરળ રહેતા આ અંદાજીત મેરીટ ૧૩૦-૧૪૦ માર્કસ અટકશે. રાજ્યભરમાં સંપૂર્ણ પણે એક બે બનાવોને છોડી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. જો કે કેટલાક જિલ્લામાં સેન્ટર બદલાઈ જતા અને કોલલેટરમાં પરીક્ષા કેન્દ્રોના નામ બદલાય જતા પરીક્ષાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

**આજે લેવાયેલી વનસંરક્ષણની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષામાં કલોલ ગાંધીનગર, અમદાવાદ સહિતના અનેક સ્થળો પર પરીક્ષાર્થીઓ ક્યાંક સમય કરતાં મોડા પહોંચતા પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ ન આપવામાં આવ્યો હતો. આથી તે પરીક્ષાર્થીઓ પરીક્ષાથી વંચિત રહી ગયા હતા**

## વન સંરક્ષકની પરીક્ષામાં ૪૮૧૫ ઉમેદવારો ગેરહાજર

જિલ્લામાંથી ૯૮૯૪ ઉમેદવારોએ વનસંરક્ષકની પરીક્ષા આપી હતી. જયારે ગેરહાજર ઉમેદવારોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જિલ્લામાંથી ૪૮૧૫ ઉમેદવારોએ પરીક્ષા આપી ન હતી. રાજય પરીક્ષા બોર્ડ આયોજિત આ પરીક્ષાનુ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વાર સંચાલન કરવામાં આવ્યુ હતુ. જિલ્લાના ૪૩ કેન્દ્રો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ પરીક્ષા માટે જિલ્લામાંથી ૧૪૭૦૯ ઉમેદવારો નોંધાયા હતા. આ પૈકી માત્ર ૯૮૯૪એ જ હાજરી આપી હતી. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતીનો કીસ્સો નોંધાયો નથી.આગામી રવિવારે આફિસ આશિષ્ટન્ટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લાના ૧૧૭ બિલ્ડીંગોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાંધીનગર ચાંદખેડા માણસા,દહેગામ ,કલોલ,લવારપુર,ડભોડા સહીતના કેન્દ્રો પર બેઠક વ્યવસ્થાનુ ગોઠવવામાં આવશે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | રિશિ પારેખ | ક્રિશિવ પરમાર | હેલી ઠક્કર | ક્રિશા પરમાર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | સ્મીત પટેલ | આર્યન શાહ | અનમોલ પટેલ | પ્રાચી કપાડીયા |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | પ્રતિક પંડ્યા | પૃથ્વી વોરા | ક્રિશા શાહ | રૂપલ રાજડા |
| બેસ્ટ ડ્રેસ | વિપુલ પટેલ | મીહીર જોશી | શમા ઠાકર | પ્રાચી શાલવી |
| બેસ્ટ કિંગ અને ક્વીન | મેહુલ છત્રીવાલા | પંકજ પટેલ | સોનલ ઠક્કર | રેખા પંચાલ |
| બેસ્ટ પેર | અંકિત પટેલ | તારક પંડ્યા | જીગ્ના પટેલ | દેવાંગી મહેતા |
| બેસ્ટ પરફોર્મ્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | નિર્મલ શ્રીમાળી | કૃતિક પટેલ | કોમલ ઝાલા | પ્રિયંકા શર્મા |



શહેરની નવરાત્રીમાં સેક્ટરોમાં પણ હવે મહાઆરતીના આયોજનો થઈ રહ્યા છે. ગાંધીનગરના સેક્ટર-૩-ડીમાં ગણેશ ચોક ખાતે ચાલી રહેલ નવરાત્રી મહોત્સવમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવડા દ્વારા જય અંબે શબ્દોની પ્રતિકૃતિ તૈયાર કરાઈ હતી. આ મહાઆરતીમાં સેક્ટરના રહીશો મોટી સંખ્યામાં ભક્તિભાવ પૂર્વક જોડાયા હતા.





**'તારા વિના શ્યામ મને એકલડું લાગે... રાસ રમવાને વહેલો આવજે...'**

અરવલ્લી જિલ્લામાં ગરબાની મજા આમ તો બીજા, ત્રીજા અને ચોથા નોરતે વરસાદે બગાડી હતી. દરમિયાન ગુરુવારથી વરસાદ થંભી જતા બાકી રહ્યા છે ત્યારે જિલ્લાના ખૈલેયાઓ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ, ગ્રુપ બનાવી દીલ મુકીને રમી લેવા તૈયાર છે. રાત્રીના ૧૦ વાગ્યાથી મા જગંદબાની આરતી પછી શરૂ થતા ગરબા અને રાસોત્સવમાં ખૈલેયાઓ ઘેલા બની જાય છે. સ્માર્ટ ફોનના જમાનામાં બાળ ખૈલેયાઓ સેલ્ફીના સ્ટેપ સાથે ગરબા ગ્રાઉન્ડમાં ગરબા રમતા અનોખું આકર્ષણ જમાવ્યું હતું.

# હાલીસા ગામમાં શ્વાન અને વાનરના આતંક

ચિલોડા, તા. ૯ હાલીસા ગામમાં વાનર અને શ્વાનના હિંસક હૂમલાના આક્રમક કૃત્યથી અશોકભાઈ મગનભાઈ શર્માનો જીવ જોખમમાં મુકાતા મોતની છલાંગથી પટકાતાં સારવાર બાદ કરૂણ મોત નીપજતા હાલીસા પંથકમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામી હતી. જીવદયાપ્રેમી રામજી મંદિરના ધાબા પર નિત્યક્રમ મુજબ પક્ષીઓને ચણ નાખી સેવા અને પુણ્યનું ભાથુ બાંધી રહ્યા હતા. જ્યારે વહેલી સવારે ન જાણ્યુ જાનકી નાથે ધાર્મિક પરાયણ ધરાવતા અશોકભાઈ શર્માના મકાનની નજીક પતરાના શેડ પર શ્વાનનું ટોળુ બેઠુ હતુ. ત્યારે અચાનક વાનર કુદકો મારી શેડ પર આવતા કૂતરાઓએ શ્વાનને ઝડપી લેતા લોહીલુહાણ રીતે ગંભીર રીતે ઘવાતા બેહોશ થઈ ગયુ ત્યારે ઈજાગ્રસ્ત વાનર બચવા અશોકભાઈ શર્માના છાતી સમા ચીપકી પડતાં વાનરના નહોરથી ગંભીર રીતે ઘવાયા હતા.

ત્યારબાદ વાનર અને શ્વાનના પરાક્રમથી વાનર ટીમ ક્રોધિત બન્યુ હતુ. બપોરે વાનરે પોતાનો જીવ ગુમાવ્યો. વાનરે ટીમ સાથી વાનરના મોતનો બદલો લેવા પીપળાના ઝાડ પર પહેરો ભરી બેઠુ હતુ. ત્યારે અશોકભાઈ શર્મા બપોરે રામજી મંદિરના ધાબા પર પંખી ચણ નાખવા ગયા હતા ત્યારે અચાનક વાનર ટીમ ચિચિયારી ભરી અશોકભાઈ પર હિંસક હૂમલો કરવા તત્પર બન્યા હતા. ત્યારે અશોકભાઈ બચવા માટે ત્રીજા માળેથી પટકાતા ફરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા. ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા.

ત્યાર બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ રિફર કરતાં તેમનુ મોત નીપજ્યુ હતુ. આ બનાવથી સમગ્ર ચિલોડા હાલીસા ગામમાં અશોકભાઈ શર્માના અવસાનથી બે દિકરીઓને વિલાપ કરતા મુકી વિદાય લેતા આઘાત અને શોકનું વાતાવરણ વ્યાપી ગયુ હતુ. શ્વાન અને વાનરના આતંકથી જીવદયાપ્રેમીનું મોત નીપજતાં કમકમાટી વ્યાપી ગઈ હતી.

# શહેરમાં પ્રથમવાર દશેરા નિમિત્તે અશ્વ પુજનનો ભવ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯ ગાંધીનગર શહેર જિલ્લા અશ્વપાલક મંડળી લી. દ્વારા દશેરાના પવિત્ર દિવસે તા. ૧૧ ઓક્ટોબરને મંગળવારના રોજ સવારના ૮ થી સાંજના ૪ કલાક દરમિયાન સેકટર-૧૧, ચેતક મેદાન ખાતે અશ્વપુજન અને અશ્વની રમતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલના જણાવ્યા મુજબ દશેરા નિમિત્તે ટ્રસ્ટ દ્વારા પ્રથમવાર અશ્વ પુજન અને અશ્વ રમતોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૧૧ સ્થિત હોટલ હવેલી સામેના ખુલ્લા મેદાનમાં સવારે ૮.૦૦ કલાકે બ્રાહ્મણો દ્વારા ઈશ્વરીય પ્રાણી અશ્વનું શાસ્ત્રોકત વિધિથી પૂજન કરવામાં આવશે. ૧૦૦ જેટલા અશ્વપાલકો પોતાના અશ્વોને શણગારીને ચેતક મેદાનમાં હાજરી આપશે. ત્યારબાદ અશ્વ પુજનના અંતે વિવિધ અશ્વ રમતો પણ યોજવામાં આવશે. જેન અંતે ઈનામો પણ એનાયત કરવામાં આવશે. આ કાર્યક્રમ માટે ટ્રસ્ટના પ્રદિપસિંહ ચંપાવત, કાન્તિભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, બાબુભાઈ રબારી, હિરપાલસિંહ રાણા, જગતસિંહ વાઘેલા તેમજ રીઝવાન શેખ જહેમત ઉઠાવી રહ્યા છે.

## આજે ગુજરાતી ફિલ્મ મસ્તીખોરનું મ્યુઝિકલ લોન્ચિંગ

સાબરકાંઠાના હિંમતનગરની ફિલ્મ નિર્માણ કંપની માતૃશ્રી મુવી ઈન્ટરનેશનલ દ્વારા ગુજરાતની સૌપ્રથમ સ્કીલ ડેવલપમન્ટ આધારિત એકેડેમિક મનોરંજક ચિલ્ડ્રન ફિલ્મ 'મસ્તીખોર' આગામી સમયમાં સિનેમાઘરમાં રીલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મના ગીતોનું મ્યુઝિક તા. ૧૦મી ઓકટોબરે સાંજે ૫.૧૫ કલાકે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે તેમના સ્વર્ણિમ સંકુલ-૧ ખાતેના કાર્યાલયે લોન્ચિંગ કરાશે.

માતૃશ્રી ઈન્ટરનેશનલ દ્વારા નિર્મિત મસ્તીખોર ફિલ્મમાં ગુજરાતી ફિલ્મજગતમાં સૌપ્રથમવાર સ્વચ્છતા અભિયાનને પ્રમોટ કરાયુંછે. ફિલ્મમાં મુખ્ય અભિનેતા હિતુ કનોડિયા અને ૫૦ બાળ કલાકારો સહિત કુલ ૧૩૫ કલાકારોએ કામ કર્યુંછે.

# ઘ-૫ ફુડ કોર્ટમાં દશેરા બાદ દબાણ તંત્ર ગેરકાયદેસર દબાણોનો સર્વે હાથ ધરશે

## સર્વે પછી તમામ દબાણો પર સપાટો બોલાવશે

ગાંધીનગર, તા.૯

શહેરના સેક્ટર-૧૬ સ્થિત ફુડ કોર્ટમાં તાણી બંધાયેલા દબાણોને દુર કરવા દશેરા બાદ દબાણ તંત્ર વિશેષ સર્વે હાથ ધરશે અને ગેરકાયદેસર દબાણોને ઉખેડી ફેંકાશે તેમ સૂત્રોએ માહિતી આપી હતી.

ગાંધીનગરના ઘ-૫ વિસ્તારમાં આવેલી ફુડ કોર્ટમાં વેપારીઓએ મનફાવે તેવા ગેરકાયદેસર શેડ અને દબાણો ઉભા કરી દીધા છે. જેને લઈ પાર્કિંગ અને ટ્રાફિકની પરિસ્થિતિ વિકટ બની છે.

પરિણામે નાગરિકો હેરાન પરેશાન થઇ ગયા છે ત્યારે દબાણ તંત્ર ગેરકાયદેસર તાણી બંધાયેલા દબાણો સામે સપાટો બોલાવવાના મુડમાં છે અને દશેરા બાદ આ દબાણોનો સર્વે હાથ ધરાશે અને તમામ દબાણો દુર કરવામાં આવશે તેવું દબાણ શાખાના સુત્રોએ જણાવ્યું છે.



**શેરી ગરબામાં યોજાઈ વેશભૂષા સ્પર્ધા** - નવરાત્રી એટલે ભકિત અને શકિતનો તહેવાર... નવરાત્રી એટલે આનંદ અને ઉલ્લાસનો તહેવાર.. નવરાત્રી એટલે કૌશલ્ય અને નવસર્જનનો તહેવાર. સમગ્ર ગાંધીનગરમાં નવરાત્રી પર્વ ખૂબ જ આનંદ અને હર્ષોલ્લાસથી ઉજવાઈ રહ્યું છે. આ તહેવારમાં કોઈ નીત નવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમે છે તો કોઈ નવા સાજ શણગાર સજીધજી રાસે રમે છે. શેરી ગરબામાં પણ નવીનતા આણવા હવે આયોજકો વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરતા થઈ ગયા છે. જેમાં આરતી ડેકોરેશન અને વેશભૂષા મુખ્ય છે. વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટમાં સાતમા નોરતે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સોસાયટીના અબાલ વૃધ્ધ સહિત આશરે ૭૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સોસાયટીના રહીશોએ દેશના વિવિધ પ્રાંતના નાગરિકોના પહેરવેશથી માંડીને અંબે મા, ભારતમાતા, સૈનિક, ટીવી પત્રકાર, રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ, નરેન્દ્ર મોદી, મદારી, પરી, અને ગેસની બોટલ જેવા ખૂબ જ રસપ્રદ પાત્રોની વેશભૂષા ધારણ કરી હતી. તમામ સ્પર્ધકોને તથા વિજેતા સ્પર્ધકોને ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા.

## ડરવાની જરૂર નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દયાળનું આર્થિક ચિંતન ગરીબો અને વંચિતોની તરફેણમાં હતું. દિનદયાળ કહેતા હતા કે, અર્થવ્યવસ્થાની રચના ગરીબ અને વંચિતોને ધ્યાનમાં લઈને થવી જોઈએ. જો આવું થાય તો જ દેશમાં વિકાસ થાય છે. ભેદભાવ રહિત શોષણમુક્ત ભારત દિનદયાળનું સપનું રહ્યું હતું. સરકાર આ દિશામાં જ કામ કરી રહી છે. સરકાર દિનદયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દીને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવી રહી છે. દેશની વિવિધતાને દેશની સંપત્તિ તરીકે ગણાવીને તેમણે કહ્યું હતું કે, દિનદયાળ ખુબ સાદગીથી જીવન જીવતા હતા. તેઓ લાંબા સમય સુધી જાહેર જીવનમાં રહ્યા હતા. ટ્રેનમાં બેસી ગયા બાદ પણ તેમને લોકો ઘણી વખત ઓળખી શકતા ન હતા. મહેશચંદ્ર શર્મા દ્વારા એડિટ કરવામાં આવેલા દિનદયાળ સંપૂર્ણ દ્વારા સંઘ એવા વિરોધીઓને જવાબ આપશે જે લોકો આક્ષેપ કરે છે કે, દિનદયાળ ઉપાધ્યાય સાથે સંબંધિત સાહિત્ય ઉપલબ્ધ નથી. માનવ દર્શનના પ્રણેતા ગણાતા દિનદયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દી વર્ષ પર ભાજપ અને કેન્દ્ર સરકાર સહિત સંઘના તમામ સંગઠન જુદા જુદા આયોજન કરી રહ્યા છે. દિનદયાળે પાકિસ્તાન, ચીન, બૌદ્ધ ધર્મ, ભારતીય અર્થવ્યવસ્થા, ટેકનોલોજી, ભારતીય મહિલાઓ, ભગવાન શ્રીકૃષ્ણ, ભારતીય સંસ્કૃતિ જેવા વિષયો ઉપર વિસ્તારપૂર્વક પુસ્તકો લખ્યા છે. આજથી ૫૦ વર્ષ પહેલા દિનદયાળે પાકિસ્તાન અને ચીનને લઈને પોતાના લોકમાં જે રીતે આશંકાઓ વ્યક્ત કરી હતી. આજે તેવી જ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. પંડિત દિનદયાળની દુરદર્શિતાનો અંદાજ આનાથી મેળવી શકાય છે કે, ૧૯૬૧માં એક લેખમાં તેઓએ ફિરોઝપુરમાં શતલજ નદીના કિનારે પાકિસ્તાન કબજા અથવા તો ભારતીય ક્ષેત્રથી નિકળનાર નદીના ઉપયોગની મંજુરીને લઈને ભારતની રાજદ્વારી હાર ગણાવી હતી. તેમણે પુસ્તકમાં લખ્યું હતું કે, ભવિષ્યમાં આને લઈને ભારતને સમસ્યાઓનો સામનો કરવો પડશે. દિન દયાળ ઉપાધ્યાય એણ પણ કહેતા હતા કે, સરહદની સુરક્ષા માત્ર સેના ઉપર જ નહીં બલ્કે સરહદી વિસ્તારમાં રહેતા લોકોના મજબૂત ઈરાદા ઉપર પણ આધાર રાખે છે. દેશના વિકાસ માટે વિદેશી મોડલ ઉપર આધારિત રહેવાની જરૂર નથી.

## રાજકીય લાભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માયાવતીએ એમ પણ કહ્યું હતું કે, યુપી સરકારે કરોડો રૂપિયા માત્ર પ્રચારમાં ખર્ચ કરીદીધા છે. ગરીબોની કોઈ ચિંતા નથી. આ સરકાર જાતિવાદી માનસિકતાથી ગ્રસ્ત થયેલી છે.

માયાવતીએ કાળા નાણાને લઈને કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, મોદી સરકાર દેશના કાળા નાણાને સફેદ કરવાના પ્રયાસમાં લાગેલી છે. મોદી સરકારે દેશની પ્રજાને આપવામાં આવેલા વચનો પુરા કર્યા નથી. એટલું જ નહીં માયાવતીએ અલગ રાજય બનાવવાની માંગને લઈને પણ મોદી સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ચાર જુદા જુદા રાજ્યો બનાવવાની જાહેરાત કરી હતી પરંતુ આ દિશામાં હજુ સુધી કોઈ પહેલ થઈ નથી. સીબીઆઈ જેવી મહત્વની સંસ્થાઓનો ઉપયોગ પણ વિરોધીઓને હેરાન કરવા માટે કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે અચ્છે દિનના નામ ઉપર લોકોને હજુ સુધી ગેરમાર્ગે દોર્યા છે. મહારેલીમાં માયાવતીએ યુપીમાં સપાની સરકારના કાર્યકાળ દરમિયાન વિકાસની કામગીરી રોકાઈ ગઈ હોવાનો આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે, પ્રદેશમાં બહુજન સમાજ પાર્ટીની જીત જ કાંશીરામને યોગ્ય શ્રદ્ધાંજલિ હશે. કાંશીરામે આંબેડકરના મિશનને આગળ વધારવામાં ભૂમિકા ભજવી હતી.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

ગુરુપદે સ્થાપેલા ડૉ.વિક્રમ સારાભાઈ અને આધ્યાત્મિક ગુરુ જેવા પ્રમુખસ્વામી બેઉનું ગુજરાતી હોવું એ સંયોગ જ કહેવાય.

અંતરીક્ષ વિજ્ઞાનના તાલીમી કાર્યક્રમ માટે ૧૯૬૦ના ગાળામાં અમેરિકામાં 'નાસા' - અંતરીક્ષ વિજ્ઞાનની સંસ્થામાં કામ કરવાનું થયું ત્યારે વર્જિનિયાના વેલોપ્સ ટાપુ પરના એક સ્વાગતકક્ષમાં દીવાલ પર બ્રિટિશરો સાથે રૉકેટયુદ્ધનું એક ચિત્ર નિહાળવાનો પ્રસંગ આવ્યો. બ્રિટિશરો સાથે બિન-શ્વેતોના આ યુદ્ધ અંગે પૃચ્છા કરતાં ડૉ.કલામને રૉકેટ વિદ્યાના નાયક (હીરો) એવા ભારતીય ટીપુ સુલતાનનો પરિચય થયો. તેમણે રાષ્ટ્રપતિ હતા એ ગાળામાં મછલીપટ્ટણ ખાતે ટીપુનાં રૉકેટવિદ્યાનાં સંસ્થાનોને પુનર્સ્થાપિત કરવાનો પ્રયાસ ગૌરવભેર કર્યો હતો. બ્રિટિશરો સામે મહિસુરના રાજવી ટીપુ સુલતાન જંગ ખેલતા હતા ત્યારે અંગ્રેજોને પક્ષે મરાઠા અને નિઝામ હતા એ ઈતિહાસનું અહીં સ્મરણ થાય છે. ઈ.સ. ૧૭૯૯માં અંગ્રેજોને ભારતમાં પગદંડો જમાવતા રોકવાના ચોથા યુદ્ધમાં ટીપુ મરાયો હતો. ટીપુને ધર્મઝનૂની શાસક તરીકે જ ઓળખાવાય છે ત્યારે એની નોખી ઓળખ ડૉ.કલામ 'નાસા'ના ચિત્રને ટેકે કરાવે છે.

haridesai@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ